# ગ્રાહક તકરાર નિવારણ ફોરમ, ભુજ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ
પાવર હાઉસ કંપાઉન્ડ, જી કે જનરલ હોસ્પિટલ સામે, ભુજ
ફોનઃ ૦૨૮૩૨-૨૫૫૩૭૭ ફેક્સઃ ૦૨૮૩૨-૨૫૦૦૪૮
E-Mail- forumbhuj.pgvcl@gebmail.com


નં.: કેસી/સીજીઆરએફ/ હુકમ/૨૦૧૭/ 438 તારીખ: 02/11/17

રજી.એ.ડી દ્વારા

પ્રતિ શ્રી.
કાન્તાબેન ઝીણાભાઇ દબાસીયા.
રહેવાસી-નવાવાસ,
ગામ-માધાપર.
ભુજ - કચ્છ

Mobile Number : 9825461823

વિષયઃ- વીજ બીલની બાકી નીકળતી રકમ રીફંડ આપવા બાબત અંગે.

સદર્ભઃ- (૧) આપની અરજી નોંધણી નં. પીજી ૦૩/૦૦૧/૨૦૧૭-૧૮.

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે ગ્રાહક તકરાર નિવારણ ફોરમ ભુજ તરફથી તારીખ :- ૧૩/૧૦/૨૦૧૭ ની બેઠકમાં કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

(એસ. એન વઢાનીયા)
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર
પીજીવીસીએલ સર્કલ ઓફિસ ભુજ.

O/C

બિડાણ-ઉપર મુજબ

નકલ સાદર રવાનાઃ-

૧.શ્રી એ.એમ.હેબર
ચેરમેનશ્રી સી.જી.આર.એફ.ભુજ.
બ્લોક નં.એ.એ.- ૧૦ ઓસ્કાર સોસાયટી.નાણાવટી ચાર રસ્તા
રૈયા સર્કલ. રાજકોટ- ૩૬૦૦૦૫.

૨. શ્રીમતી નીતીનાબેન હરીપ્રસાદ જોષી. સ્વતંત્ર સભ્ય.
૧૦ /૧૧૬ લક્ષ્મી પાર્ક. લક્ષ્મી વાડી. પૂજારા પ્લોટ મેઇન રોડ.
કુવાવાલી ખોડીયાર મંદીર સામે. રાજકોટ-૩૬૦૦૦૨.

૩. શ્રી પી.આર.વ્યાસ. ટેકનીકલ મેમ્બરશ્રી.ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ભુજ
વિશેષ મુખ્ય ઇજનેર.પીજીવીસીએલ વર્તુળ કચેરી. ભુજ

૪.કાર્યપાલક ઇજનેરશ્રી.પીજીવીસીએલ,વિભાગીય કચેરી – ભુજ

૫.નાયબ ઇજનેર પીજીવીસીએલ પેટાવિભાગીય કચેરી – માધાપર



Scanned by CamScanner

# ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ
પાવર હાઉસ કમ્પાઉન્ડ, જી.કે.જનરલ હોસ્પિટલ સામે, ભુજ
ફોન: ૦૨૮૩૨-૨૫૩૫૫૦ ફેક્સ: ૦૨૮૩૨-૨૫૦૦૪૮

* કેસ નં - પીજી ૦૩-૦૦૧-૨૦૧૭-૧૮
* નોંધણી તારીખઃ- ૦૯-૧૦-૨૦૧૭
* નિર્ણયની તારીખઃ- ૧૩-૧૦-૨૦૧૭

અરજદાર :- શ્રીમતી કાંતાબેન ઝીણા દબાસિયા

અરજદાર વતી રજુઆત કરનાર :- અરજદાર વતી તેમના પ્રતિનિધિશ્રી ઝીણાભાઈ ગાંગજી દબાસિયા હાજર છે.

## વિરુધ્ધ

સામાવાળા :- કાર્યપાલક ઇજનેર, વિભાગીય કચેરી, પીજીવીસીએલ, ભુજ.

સામાવાળા વતી રજુઆત કરનાર :- શ્રી એસ.એ.મેમણ, હિસાબી અધિક્ષક, ભુજ વિભાગીય કચેરી.

ઉપરોક્ત બંને પક્ષકારોને તમામ દસ્તાવેજી પુરાવા સાથે તેમની રજુઆત કરવા માટે સુનાવણી તા.૧૩/૧૦/૨૦૧૭ના રોજ ભુજ મધ્યે રાખવામાં આવેલ.

## કાર્યવાહી

## ગ્રાહકની રજુઆત

(૧) આજરોજ તા.૧૩/૧૦/૨૦૧૭ના રોજ ભુજ મધ્યે ફોરમની બેઠકમાં ફરિયાદી શ્રીમતી કાંતાબેન ઝીણા દબાસિયા વતી તેમના અધિકૃત પ્રતિનિધિશ્રી ઝીણાભાઈ ગાંગજી દબાસિયા(ફરિયાદીના પતિશ્રી) હાજર છે અને તેમની એવી રજૂઆત છે કે; સદર ૧૫ કિલોવોટનું વીજ-કનેક્શન અમોએ બોરમાં ૧૫ કિલોવોટની મોટર ઉતારીને ટેન્કર ભરીને પાણી વેંચવાનો ધંધો કરવા માટે લીધેલ.આશરે ૨૦૦૭ થી કનેક્શન ચાલુ હતું ત્યારબાદ વર્ષ ૨૦૧૬થી અમારા બોરમાં પાણી ઉંડે જતાં અમારા ટેન્કરના ભાવ જે અગાઉ રૂ. ૭૦(અંકે રૂપિયા સિત્તેર પૂરા) હતા તે રૂ. ૧૦૦(અંકે રૂપિયા સો પૂરા)કરતાં માહે એપ્રિલ ૨૦૧૬ પછી અમારા ધંધામાં મંદી આવેલ. આથી અમારો વીજ-વપરાશ નહિંવત હતો. આ સમયમાં અમારું મીટરનો ડીસ્પ્લે બંધ થઈ જતાં અમોએ પ્રથમ મીટર રીડરને રજૂઆત કરેલ કે અમારું મીટર બદલી આપવું. ત્યારબાદ માધાપર કચેરીએ પણ અનેક વખત રૂબરૂ રજૂઆત કરવા છતાં અમારું વીજમીટર સમયસર બદલવાની કોઈ કાર્યવાહી થયેલ નહીં. અંતે માધાપર કચેરીએથી સદર વીજમીટર માહે ઓગસ્ટ-૨૦૧૬ પછી બદલવામાં આવેલ. આમ છતાં અમોએ જે કંઈ વીજવપરાશના બીલો આપવામાં આવેલ તે તમામ વીજબીલો

Scanned by CamScanner

પીજીવીસીએલને ભરી આપેલ છે. અમારી મુખ્ય રજૂઆત છે કે, અમોને આશરે પાંચ વીજબીલ જે ફોલ્ટીના આપવામાં આવેલ છે તેને બદલે લેબોરેટરીના રીડીંગ મુજબના વીજવપરાશના વીજબીલો આપવા ફોરમને વિનંતી છે. વિશેષમાં જણાવવાનું કે, લેબમાં અમારું વીજમીટર ટેસ્ટીંગ દરમ્યાન ઓકે બતાવે છે.

## પીજીવીસીએલની રજુઆત

(૨) આજરોજ તા.૧૫/૧૦/૨૦૧૭ના રોજ ભુજ મધ્યે ફોરમની બેઠકમાં કાર્યપાલક ઈજનેર ભુજ વતી શ્રી એસ.એ.મેમણ, હિસાબી અધિક્ષક, ભુજ વિભાગીય કચેરી પોતે હાજર છે અને એમની એવી રજૂઆત છે કે; સદર ગ્રાહકનું વીજકનેક્શન એન.આર.જી.પી. કેટેગરી હેઠળનું ૧૫ કિલોવોટનું ગ્રાહક નં. ૩૯૨૦૧/૧૦૬૯૧/૨નું ગામ – માધાપર ખાતે માધાપર સબ-ડીવીઝન હેઠળ આવેલ છે. સદર વીજકનેક્શનનો વીજવપરાશ કંપનીના રેકર્ડ મુજબ વર્ષ – ૨૦૧૫માં આશરે ૫૦૦૦ યુનિટથી ૯૮૦૦ યુનિટ સુધીનું એવરેજ માસિક વપરાશ નોંધાયેલ છે. વર્ષ ૨૦૧૬માં મીટર ફોલ્ટી થયું તે અગાઉના માસમાં પણ વપરાશ ૪૦૦૦ યુનિટથી ૫૦૦૦ યુનિટ આવેલ છે. ત્યારબાદ માહે એપ્રિલ – ૧૬ના મીટર રીડીંગ સમયે મીટર ફોલ્ટી માલૂમ પડતાં મીટર રીડીંગનું બીલ એવરેજ મુજબ ૪૩૬૦ યુનિટનું સીસ્ટમ જનરેટેડ આપવામાં આવેલ. અરજદારનું મીટર તા.૨૨-૦૭-૨૦૧૬ના રોજ બદલવામાં આવેલ. આમ, એપ્રિલ-૧૬થી જુલાઈ-૧૬ના ૪ માસના વીજબીલ કંપનીના નિયમાનુસાર એવરેજ ૪૩૬૦ યુનિટના આપવામાં આવેલ. મીટર તા.૨૨-૦૭-૨૦૧૬ના રોજ બદલ્યા બાદ માહે ઓગસ્ટ-૨૦૧૬નું વીજબીલ બીલ્ડ-ઈન સપ્ટે તા.૧૭-૦૮-૨૦૧૬ના રોજ ખરેખર(વાસ્તવિક) વીજવપરાશ રીડીંગ મુજબ ૩૦૯૧ યુનિટનો નોંધાયેલ. ઓગસ્ટ માસનું વીજબીલ બીલ્ડ-ઈન સપ્ટેમ્બર તા.૧૭-૦૮ના રોજ આપવામાં આવેલ કારણકે મીટર રીડીંગના સમયે(તા૧૭-૦૮-૨૦૧૬) નવા મીટરમાં નોંધાયેલ વીજવપરાશના ૩૦૯૨ રીડીંગ બતાડતા હતા. જ્યારે મીટર તા.૨૨-૭-૨૦૧૬ના રોજ ૧ યુનિટથી મૂકવામાં આવેલ. આમ તા.૨૨-૭-૨૦૧૬ થી તા. ૧૭-૮-૨૦૧૬ સુધીના સમયગાળાનો વીજવપરાશ ૩૦૯૧ યુનિટનો ગણી શકાય. ત્યારબાદ વીજકનેક્શન પી.ડી. કર્યા તારીખ સુધીનો પ્રતિમાસ વીજવપરાશ એટલે કે, સપ્ટે-૨૦૧૬થી માર્ચ-૨૦૧૭ સુધી ૩૨૪૧ યુનિટથી ૪૪૪૪ યુનિટ વચ્ચેનો રહેલ છે. લેબમાં વીજમીટર ટેસ્ટીંગ દરમિયાન મીટરની બોડી કેક છે. મીટરના છેલ્લા રીડીંગ ૩૬૧૮૦૩.૮૫ યુનિટ (KWH) બતાવે છે. લેબોરેટરીમાં મીટર ગ્રાહકની ગેરહાજરીમાં એકતરફી ટેસ્ટ કરવામાં આવેલ છે. લેબોરેટરી ટેસ્ટીંગ તા.૦૫-૦૧-૨૦૧૭ના રોજ એકતરફી કરવામાં આવેલ છે. લેબોરેટરીમાં જોવા મળેલ રીડીંગના આધારે તફાવતના યુનિટનું (૩૫૭૮૦૭ લેજર મુજબના રીડીંગ અને લેબ ટેસ્ટીંગ વખતે જોવા મળેલ રીડીંગ ૩૬૧૮૦૩.૮૫નો તફાવત) એટલે કે ૩૯૯૬ યુનિટની રકમ રૂ.૨૮,૧૭૪(અંકે રૂપિયા અઠ્યાવીસ હજાર એકસો ચુંમોતેર પૂરા) ગ્રાહક ખાતે ઉધાર આપવામાં આવેલ અને એક ફોલ્ટી બીલ માહે એપ્રિલ-૨૦૧૬નું રદ કરવામાં આવેલ અને આ ફોલ્ટી બીલની રકમ રૂ.૨૯,૩૦૦/-(અંકે રૂપિયા ઓગણત્રીસ હજાર ત્રણસો પૂરા) ગ્રાહકના ખાતામાં જમા આપવામાં આવેલ. આમ કંપનીના નિયમ અનુસાર જે - તે સમયના વીજબીલો આપવામાં આવેલ છે.

Scanned by CamScanner

# નિષ્કર્ષ

(3) બન્ને પક્ષકારોની લેખિત તેમજ મૌખિક રજૂઆતોને ફાઈલમાં પડેલ પુરાવાઓને ધ્યાને લેતાં ફરિયાદીની મુખ્યત્વે ફરિયાદ તેમને તેમના હયાત ૧૫ કિલોવોટના કોમર્શિયલ(એન.આર.જી.પી.) કેટેગરીના વીજજોડાણમાં માહે એપ્રિલ-૨૦૧૬ થી ઓગસ્ટ-૨૦૧૬ના સમયગાળાના વીજબીલો સરેરાશ વીજવપરાશના ૪૩૬૦ યુનિટના આપવામાં આવેલ છે. જ્યારે આ સમયગાળા દરમ્યાન તેમનો વીજવપરાશ બોરમાં પાણી ઊંડા ઉતરી જવાથી પાણીના ટેન્કરના ભાવવધારાના કારણે ઓછો હતો. આથી આ સરેરાશ વીજવપરાશને બદલે લેબોરેટરીમાં મીટર ચકાસણી વખતે જોવા મળેલ રીડીંગ મુજબ આપવા જોઈએ. અમોએ સરેરાશ વીજબીલો સામે ભરપાઈ કરવામાં આવેલ વીજબીલની રકમ પૈકી જમા આપવાપાત્ર ચોખ્ખી રકમ અમોને પરત મળવી જોઈએ. સામાપક્ષે પીજીવીસીએલ કંપનીની રજૂઆત છે કે; અરજદારને તેમના હયાત કોમર્શિયલ હેતુ માટેના વીજકનેક્શન ગ્રાહક નં. ૩૯૨૦૧/૧૦૯૬૧/૨ ગામ-માધાપર ખાતે આવેલ છે. સદર વીજજોડાણનો વર્ષ-૨૦૦૫ દરમ્યાન માસિક વીજવપરાશ ૫૦૦૦ યુનિટ થી ૯૮૦૦ યુનિટ વચ્ચે કંપનીના રેકર્ડ મુજબ નોંધાયેલ છે. માહે એપ્રિલ ૨૦૧૬ના વીજબીલના રીડીંગ સમયે સદર અરજદારનું વીજમીટર ફોલ્ટી માલૂમ પડેલ. આથી સીસ્ટમ જનરેટેડ મુજબનું સરેરાશ ૪૩૬૦ યુનિટના વીજવપરાશનું વીજબીલ આપવામાં આવેલ. ત્યારબાદના ત્રણ વીજબીલો અનુક્રમે મે-૨૦૧૬, જૂન-૨૦૧૬, જુલાઈ-૨૦૧૬ના વીજબીલો પણ સરેરાશ ૪૩૬૦ યુનિટના કંપનીના નિયમાનુસાર આપવામાં આવેલ. અરજદારનું સદર ફોલ્ટી વીજમીટર તા.૨૨-૭-૨૦૧૬ના રોજ બદલવામાં આવેલ. નવું મીટર ૦૧ યુનિટથી મૂકવામાં આવેલ. માહે ઓગસ્ટ-૨૦૧૬ના વીજબીલ તા.૧૭-૦૮-૨૦૧૬ના રોજ નવા વીજમીટરના વાંચન મુજબ ૩૦૯૨ યુનિટ માલૂમ પડેલ. આમ. ૨૨-૦૭-૨૦૧૬થી તા.૧૭-૦૮-૨૦૧૬ સુધીના સમયગાળાના વાસ્તવિક વીજવપરાશ ૩૦૯૧ યુનિટનો નોંધાયેલ. આમ છતાં ઓગસ્ટ – ૨૦૧૬નું વીજબીલ સીસ્ટમ જનરેટેડ મુજબ બનતાં ૪૩૬૦ યુનિટનું સરેરાશ વીજવપરાશ પ્રમાણે આપવામાં આવેલ. સરેરાશ વીજવપરાશના તમામ બીલો ગ્રાહકે ભરપાઈ કરેલ છે. અરજદારને વીજજોડાણની જરૂર ન હોઈ સદર હયાત વીજકનેક્શન કાયમી ધોરણે કાપી નાખવા માટેની અરજી કરતાં સદર વીજજોડાણ કાયમી ધોરણે કાપી નાખવામાં આવેલ. સદર ખામીયુક્ત વીજમીટરની મીટર લેબોરેટરીમાં તા.૦૫-૦૧-૨૦૧૭ના રોજ ચકાસણી એકતરફી રીતે કરતાં વીજમીટરમાં રીડીંગ ૩૬૧૮૦૩૮૫.૮૫ યુનિટ(KWH) માલૂમ પડેલ. આથી લેજર મુજબ(કંપનીના રેકર્ડ)મુજબના છેલ્લા રીડીંગ ૩૫૭૮૦૭ યુનિટ હોઈ તફાવતના ૩૯૯૬ યુનિટનું વીજબીલ અંકે રૂપિયા રૂ.૨૮,૧૭૪(અંકે રૂપિયા અઠ્યાવીસ હજાર એકસો ચુમોતેર પૂરા) ગ્રાહક ખાતે ઉધારવામાં આવેલ અને એક ફોલ્ટી બીલ માહે એપ્રિલ-૨૦૧૬નું રદ કરવામાં આવેલ અને રૂ.૨૮,૧૭૪(અંકે રૂપિયા અઠ્યાવીસ હજાર એકસો ચુમોતેર પૂરા) ગ્રાહક ખાતે ઉધાર આપવામાં આવેલ. આમ એક ફોલ્ટી બીલ માહે એપ્રિલ-૨૦૧૬નું રદ કરવામાં આવેલ અને આ ફોલ્ટી બીલની રકમ રૂ.૨૯,૩૦૦(અંકે રૂપિયા ઓગણત્રીસ હજાર ત્રણસો પૂરા) ગ્રાહકના ખાતામાં જમા આપવામાં આવેલ. રૂ.૨૮,૧૭૪(અંકે રૂપિયા અઠ્યાવીસ હજાર એકસો ચુમોતેર પૂરા) ગ્રાહક ખાતે ઉધાર આપવામાં આવેલ અને એક ફોલ્ટી બીલ માહે એપ્રિલ-૨૦૧૬નું રદ કરવામાં આવેલ અને આ ફોલ્ટી બીલની રકમ રૂ.૨૯,૩૦૦(અંકે રૂપિયા ઓગણત્રીસ હજાર ત્રણસો પૂરા) ગ્રાહકના ખાતામાં જમા આપવામાં આવેલ. આમ. વીજકંપનીના નિયમાનુસાર જ વીજબીલો સરેરાશ યુનિટના અપાયેલ છે અને કોઈપણ રકમ અરજદારને અપાયેલ સરેરાશ વીજબીલો અનુક્રમે મે-૨૦૧૬ થી ઓગસ્ટ-૨૦૧૬ સુધીના સમયગાળાનું જમા આપવાપાત્ર નથી. માહે એપ્રિલ-૧૬ના સરેરાશ વીજવપરાશનું અપાયેલ વીજબીલ વાસ્તવિક નોંધાયેલ વીજવપરાશ મુજબનું ૩૯૯૬ યુનિટનું રીવાઈઝ કરવામાં આવેલ છે.

ઉપરોક્ત રજૂ થયેલ હકીકતો તેમજ ફાઈલમાં પડેલ પુરાવાઓને મૂલવતાં અત્રેનું ફોરમ એવા નિષ્કર્ષ પર આવે છે કે; અરજદાર ફરિયાદીનું ફોલ્ટી વીજમીટર ફરિયાદીની અવારનવારની રજૂઆત છતાં સમયસર બદલવામાં આવેલ નથી અને મીટર ફોલ્ટી જાહેર થયા પછી પણ આશરે ત્રણ માસના વિલંબ બાદ તા.૨૨-૦૭-૨૦૧૬ના રોજ બદલવામાં આવેલ છે. જો વીજમીટર સમયસર બદલવામાં આવેલ હોત તો સદર સરેરાશ વીજબીલો માહે-એપ્રિલ-૨૦૧૬ના સમયગાળા પછી આપવાને બદલે વાસ્તવિક વીજવપરાશ મુજબ આપવાના થયા હોત અને સદર ફરિયાદ નિવારી શકાઈ હોત. વીજમીટર

Scanned by CamScanner

સમયસર ન બદલવામાં દાખવેલી બેદરકારી બાબતે જે-તે વીજકંપનીના જવાબદાર અધિકારી/કર્મચારીઓને યોગ્ય સૂચનાઓ કંપની સ્તરે આપવી જોઈએ. અત્રેના ફોરમે આ અંગે ગંભીર નોંધ લીધેલ છે. વધુમાં ખામીયુક્ત વીજમીટર તા.૨૨-૦૭-૨૦૧૬નાં રોજ બદલવામાં આવેલ હોઈ માહે ઓગસ્ટ-૨૦૧૬નો વાસ્તવિક વીજવપરાશ નવા મૂકેલ વીજમીટરમાં ૩૦૯૧ યુનિટનો વીજમીટર બદલ્યા તા.૨૨-૭-૨૦૧૬થી મીટર રીડીંગની તા.૧૭-૮-૨૦૧૬ સુધીમાં નોંધાયેલ છે. ફરિયાદીએ પણ તેમની રજૂઆતમાં જણાવેલ છે કે, બોરનું પાણી ઊંડે જતાં ભાવવધારો કરવાથી તેમના ધંધામાં મંદી આવેલ અને વીજવપરાશ ઓછો નોંધાયેલ છે. આથી પ્રતિદિન વાસ્તવિક વીજવપરાશ મીટર બદલ્યા પછીથી ૧૨૪ યુનિટનો થયેલ યોગ્ય ગણાય. આ હકીકતને ધ્યાને રાખીને નામદાર જી.ઈ.આર.સી.ના સપ્લાય કોડ ૪/૨૦૧૫ની કલમ ૬.૩૩ મુજબ ફરિયાદીને અપાયેલ સરેરાશ વપરાશના વીજબીલો ૪૩૬૦ યુનિટના અનુક્રમે માહે મે-૨૦૧૬ થી ઓગસ્ટ-૨૦૧૬ના (ચાર માસ)ના રદ કરીને પ્રતિદિન ૧૨૪ યુનિટ વાસ્તવિક વીજવપરાશ મુજબ અનુક્રમે મે-૨૦૧૬ના ૩૭૦૯ યુનિટ, જૂન-૨૦૧૬ના ૪૨૦૩ યુનિટ, જુલાઈ-૨૦૧૬ના ૪૦૫૦ યુનિટ, ઓગસ્ટ-૨૦૧૬ના ૩૫૮૫ યુનિટના રીવાઈઝ વીજબીલો આપવા ન્યાયિક અને યોગ્ય ગણાય. અગાઉ અપાયેલ આ સમયગાળાના (મે-૨૦૧૬ થી ઓગસ્ટ-૨૦૧૬)ના સરેરાશ વીજવપરાશ ૪૩૬૦ યુનિટના વીજબીલો રદ થવાપાત્ર હોઈ રદ કરવા જોઈએ. માહે એપ્રિલ-૨૦૧૬નું સરેરાશ વીજવપરાશનું ૪૩૬૦ યુનિટનું વીજબીલ કંપની સ્તરે રદ કરીને વાસ્તવિક વીજવપરાશનું ૩૯૯૬ યુનિટનું અગાઉ રીવાઈઝ કરવામાં આવેલ જ છે. આથી એપ્રિલ-૨૦૧૬નું બીલ અંગે કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી. ચોખ્ખી જમા આપવાપાત્ર થતી રકમ ફરિયાદીને કંપનીના નિયમાનુસાર આપવી જોઈએ અને રીવાઈઝ વીજબીલોનું ગણતરીપત્રક માહે એપ્રિલ-૨૦૧૬ થી ઓગસ્ટ-૨૦૧૬ સુધીનું આપવું જોઈએ. ફરિયાદીની ફરિયાદ અંશતઃ માન્ય રાખવામાં આવે છે.

## હુકમ

(૪) ફરિયાદીને આપેલ સરેરાશ વીજવપરાશના બીલો માહે મે-૨૦૧૬ થી ઓગસ્ટ-૨૦૧૬ના રદ કરીને વાસ્તવિક વીજવપરાશ મુજબના તેટલા જ સમયગાળાના (મે-૨૦૧૬ થી ઓગસ્ટ-૨૦૧૬)ના રીવાઈઝ બીલ આપવાનો આથી હુકમ કરવામાં આવે છે. ફરિયાદીએ સરેરાશ વીજબીલોની રકમ ભરપાઈ કરેલ હોઈ ચોખ્ખી જમા આપવાપાત્ર થતી રકમ આ હુકમ મળ્યેથી દિવસ(૩૦)માં ફરિયાદીને જમા આપીને આ અંગેની જાણ ફરિયાદીને લેખિતમાં કરવી. થયેલ કાર્યવાહીની જાણ અત્રેના ફોરમને કરવી.

સ્થળ : ભુજ-કચ્છ

તારીખ : ૧૩-૧૦-૨૦૧૭

| | | |
|---|---|---|
| (એન.એચ.જોષી) | (પી.આર.વ્યાસ) | (એ.એમ.ઢેબર) |
| સ્વતંત્ર સભ્યશ્રી | મેમ્બર ટેકશ્રી | પ્રમુખશ્રી |
| સીજીઆરએફ, | સીજીઆરએફ, | સીજીઆરએફ, |
| પીજીવીસીએલ,ભુજ. | પીજીવીસીએલ,ભુજ. | પીજીવીસીએલ,ભુજ. |

નોંધઃ- ફરિયાદીને જો આ હુકમ સામે અસંતોષ હોય તો હુકમ મળ્યાની તારીખથી દિવસ ૩૦(ત્રીસ)માં વીજ લોકપાલ(એમ્બુસમેન્ટ) ગુજરાત વીજ નિયંત્રકની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૦ સમક્ષ અપીલ કરી શકશે.

Scanned by CamScanner